R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 22 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH SEPTEMBER 2023
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

**Pumps • Valves • Automation**




TUV NORD ISO 9001 | 6D 0301 | CE 0045 | SIL 3 IEC 61508 | ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી
સ્થાનેથી

# કદઓ વસ્તીપત્રક:ઐતિહાસિક વારસો



**કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)**

પાલીતાણાના શત્રુંજય પર્વતની 'કેશવજી નાયકની ટૂંક' તથા 'મસ્જીદબંદરનો ફુવારો'ની જેમ આપણું વસ્તીપત્રક પણ આપણો ઐતિહાસિક વારસો છે. જે હવે વિજાણુ એટલે કે ડીજીટલ સ્વરૂપે છે. એથી એનું યોગ્ય જતન અને વ્યવસ્થાપન સચોટ માહિતી મળે એવું થવું જોઇએ. આ ઐતિહાસિક વારસા સાથે ખીલવાડ કરવું એ જ્ઞાતિની અસ્મિતા સાથે ખીલવાડ કરવા જેવું થશે.

વસ્તીપત્રક એ જ્ઞાતિનો વહીવંચો છે. પહેલાના જમાનામાં વહીવંચાઓ ગામેગામે ફરી કુટુંબમાં થતા જન્મ-મરણની નોંધ કરતા અને ગામવાસીઓ પણ હોંશે હોંશે નોંધ કરાવતા. હજી પણ હરિદ્વારના પંડાઓ પાસે કુટુંબની વહીઓ છે અને એમાં કુટુંબોના નામઠામ છે એ આ લખનારે જાતે જોયું છે. આ વહીવંચો પરથી આપણે પ્રેરણા લઇને સને ૧૯૨૭માં ૧લું વસ્તીપત્રક બહાર પાડ્યું. એ જમાનામાં તાર-ટેલીગ્રામ વગર અને ટાંચા વાહનવ્યવહારના સાધનો છતાં આપણી જ્ઞાતિ જે મોટેભાગે દેશાવર અને નાના-નાના ગામડાઓમાં રહેતી હતી એના પહેલા વસ્તીપત્રક માટે સચોટ અને બધી જ માહિતી ભેગી કરવી એ એક ભગીરથ કાર્ય હતું. જે આપણા વડીલોએ સુપેરે પાર પડ્યું હતું.

આ પછી થોડાથોડા વરસના અંતરે અમુક મહાજનો અને સંસ્થાઓ/ મંડળોએ સચોટ માહિતી ધરાવતા વસ્તીપત્રક બહાર પાડવાના ભગીરથ કાર્યો પાર પાડ્યા. વસ્તીપત્રક આપણી જ્ઞાતિનો ઇતિહાસ છે એ આપણા કુટુંબોનો ઇતિહાસ અને વંશાવલી છે. અને હવે મોબાઇલના અને વોટ્સએપના આગમન પછી આપણી જ્ઞાતિ વસ્તીપત્રક તરફ ધ્યાન નથી આપતી.

મોબાઇલના માધ્યમથી તમે જન્મ, સગાઇ, લગ્ન-મરણ અને બીજા પ્રસંગોની પણ જ્ઞાતિને જાણ કરી શકો પણ આ વિજાણુ માધ્યમનો સંદેશો ઇતિહાસરૂપે સુરક્ષિત બનશે, એને માન્યતા મળશે અને એની વિશ્વસનીયતા ઉપર કેટલો ભરોસો થશે એ બાબતથી બ ધા જ અજાણ છે. એનું એક મોટું કારણ એ છે કે તમે વિજાણુ માધ્યમથી મળેલા સંદેશાઓ, ફોટાઓ અને ચિત્રો તમારી મરજી મુજબ ફેરફાર કરી શકો છો. એટલે કે સાચી હકીકતને તોડીમરોડી શકાય છે. અને આથી મતદાર પત્રક/કાર્ડ, આધાર કાર્ડ, ડેબીટ કાર્ડ અને ક્રેડીટ કાર્ડ જ આપવામાં આવે છે. ચુંટણી કાર્યાલય પાસે દેશ ભરની વસ્તીનો છપાયેલો ચોપડો છે જે હવે કોમ્પ્યુટરમાં પણ છે. પણ જ્યારે સચોટ માહિતી કે નિષ્કર્ષ ઉપર આવવું હોય ત્યારે લખાયેલો કે છપાયેલો ચોપડો પ્રથમદર્શી પુરાવા તરીકે વપરાય છે. હજારો વર્ષ પહેલાં તામ્રપત્ર ઉપર કે ભોજપત્ર ઉપર લખાયેલા મંત્રો અને ગ્રંથોને હજી પણ અસલ ગણવામાં આવે છે.

તમે જે હસ્તાક્ષર કરો છો એને વિજાણુમાં બદલી કરવામાં આવે છે નહીં કે વિજાણુ હસ્તાક્ષરને હાથથી કરેલા હસ્તાક્ષરમાં. કુદરતનો કરિશ્મો જુઓ, અબજો માનવોના હસ્તાક્ષર અલગ-અલગ જ છે. હજારો લીપીઓ અને ભાષાઓ છે. આ બધુ પ્રથમ લખાયેલું હતું. જુના ગ્રંથોને કોમ્પ્યુટરમાં સાચવવામાં આવ્યા છે પણ જરૂર પડે છે ત્યારે છપાયેલ કે હાથે લખેલી પ્રત ઉપર જ ભરોસો રખાય છે. કોમ્પ્યુટરમાંથી પણ પ્રિન્ટ લઇને ચોપડો બનાવવામાં આવે છે. આથી અંતે તો ચોપડો જ કામ આવે છે. અને એને સાચવવો પડે છે. ચોપડાને વીજળી વગર લખી અને વાંચી શકાય છે. આથી સુજ્ઞ જ્ઞાતિજનો વસ્તીપત્રકમાં સચોટ માહિતી આપતા જાવ.

આપણું પહેલું વસ્તીપત્રક શ્રી. આર. જે. લોડાયાએ ૧૬.૦૫.૧૯૨૭ના દિવસે બહાર પાડ્યું હતું. બીજું ૫.૫.૧૯૩૬, ત્રીજું ૧૯૪૫-૪૬માં, ચોથું વસ્તીપત્રક સન ૧૯૬૮ ગદગ મહાજન દ્વારા પ્રકાશિત થયું. ૧૯૭૯માં પાંચમું વસ્તીપત્રક દ.ભા. કદઓ એકમ, હુબલી દ્વારા પ્રકટ કરવામાં આવ્યું. સને ૧૯૮૯ કદઓ સર્વોદય મંડળ મુલુંડે પ્રકટ કર્યું. અને સાથે જ્ઞાતિનું સરનામા પુસ્તક પણ પ્રકાશિત કરવામાં આવ્યું. ૨૦૦૨માં વડોદરા મહાજને વસ્તીપત્રક પ્રકાશિત કર્યું. ૨૦૦૨માં લગ્નોત્સુકોની ડીરેક્ટરી પણ પ્રગટ કરવામાં આવી. આ ખજાનો અમુલ્ય છે. એને સાચવવાની તથા અપડેટ કરવાની જરૂર છે.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૨૨, તા. ૨૦-૦૯-૨૦૨૩**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





(ભાગ : ૦૫)

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

ગતાંકમાં આપને કચ્છ પધારવા, જોવા, માણવા આમંત્રણ આપેલું. આ અંકમાં આગળ કચ્છ પ્રવાસનું આયોજન કરવા માટે માર્ગદર્શિકા આપેલ છે.

કચ્છ, કેટલાક માટે તો **''જનની જન્મભૂમિઃ સ્વર્ગાદપિ ગરિયસી''** તો કેટલાક ને કચ્છ એક કુદરતી મ્યુઝિયમ લાગ્યું છે. કચ્છમાં વર્ષોથી જુદા જુદા દેશોનાં પ્રવાસીઓ આવતા રહ્યા છે એટલું જ નહીં પણ રા'લાખાનાં રૂપકડાં મહેમાન સુરખાબ હવે ઓક્ટોબરથી અહિં અડિંગો જમાવી, પોતાનું કુટુંબ વધારી ફેબ્રુઆરી-માર્ચમાં સાઈબેરિયા તરફ પ્રયાણ કરશે.

કચ્છ દર્શનનાં પાના દ્વારા મારે તમારી સમક્ષ કચ્છની વીરાસતોનો ઈતિહાસ, કચ્છનું સુંદર સ્થાપત્ય જે હવે ખંડેરોમાં ફેરવાઈ ગયું છે, કચ્છની જુદી જુદી કલાઓ જેમકે ભરતકામ, શિવણકામ, રોગનકલા, ધડકી બનાવવાની કલાની જાણકારી પ્રસ્તુત કરવી છે.

ધરતીકંપ પછી આપણા હાલનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અને ગુજરાતના મુખ્યમંત્રીઓએ કચ્છને નવસર્જનનાં પાટે ચડાવી દેશ-પરદેશમાં પ્રખ્યાત કરેલ છે.

**કચ્છ પ્રવાસ આયોજન :-**

આજકાલ વ્યવસ્થાપનમાં સુયોજિત આયોજન લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે પ્રયોજવામાં આવે છે. આ પ્રવાસનની બાબતમાં પણ ૧૦૦ ટકા સાચું ઉતરે છે, જોકે કેટલીકવાર વગર આયોજને પણ વરસતા વરસાદમાં રખડપટી કરવાની મોજ પડે છે. મનનો મોરલો ત્યરે મહેકી ઉઠે છે...

**'આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલોજી...'**

વર્ષાઋતુને રાણી કહી છે તેથી હિન્દી પિક્ચરનું ગીત પણ યાદ આવે, 'બરસા રાની જમકે બરસો...' આ વર્ષે કચ્છમાં 'બીપરજોય' પછી શ્રાવણ અડિંગો જમાવીને બેઠું, અત્યાર સુધી ૧૨૦ ટકાથી વધુ પાણીથી કચ્છનાં નાના-મોટા સરોવરો, તળાવો, ડેમો છલકાઈ ગયા.

આવી મોસમની અને કુદરતી સૌંદર્યની મજા લેવા કેટલાક સાહસિક પ્રવાસીઓ કચ્છની ધરાને ખુંદવા નીકળી પડતા હોય છે. શરત ફક્ત એક જ કે છત્રી ને રેનકોટ સિવાય.

અંગ્રેજીમાં એક કહેવત છે, 'ટ્રાવેલ બ્રિંગ્સ પાવર એન્ડ લવ બેક ઈન્ટુ યોર લાઈફ !' પ્રવાસ કરવાથી કે હરવા-ફરવાથી તમારા જીવનમાં નવી ઉર્જાનો સંચાર થશે અને આવી તાજગી મેળવવાનો કાર્યક્રમ ઘડતા હો તો કચ્છ આદર્શ જગ્યા છે. પણ કચ્છના પ્રવાસને આનંદદાયક બનાવવા માટે કેટલીક પૂર્વ શરતો છે...

- કચ્છમાં પ્રવાસ સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી મહિના દરમ્યાન ઉચિત્ત રહેશે. દિવાળી અને ક્રિસમસની રજાઓ પણ આ સમયમાં જ આવતી હોય છે.
- કચ્છ હવાઈ, રેલ્વે અને રાષ્ટ્રીય માર્ગોથી જોડાયેલું છે. સામખિયાળી, ભુજ કે ગાંધીધામથી તમારી સફર શરૂ કરી શકો છો.
- કચ્છ પ્રવાસન માટે (મારા અનુભવ પ્રમાણે) ઓછામાં ઓછા સાત દિવસ અને વધુમાં વધુ તમે થાકો નહીં ત્યાં સુધીનું આયોજન જરૂરી છે.
- કચ્છમાં પોતાની કારથી પ્રવાસ કરવાનો અનોખો આનંદ છે. પણ અચાનક ક્યાં કાર બગડે તો નાનું મોટું રીપેર કરવાની જાણકારી હોવી જોઈએ.
- કચ્છમાં ૬૦ થી ૭૦ ટકા સમય વાહનમાં જ પસાર કરવાનો હોવાથી વાહનની મર્યાદાથી વાહનમાં વધુ વ્યક્તિ ન હોય તો સારું.
- કચ્છમાં હવે ચોફેર ગુજરાતી, પંજાબી કે આઈનીઝ વાનગીઓ ફાસ્ટફૂડ સાથે પણ મળે છે અને ઘણા ગામનાં જિનાલયો સાથે સંકડાયેલી ભોજનશાળામાં શુદ્ધ અને સાત્ત્વિક ભોજન પ્રાપ્ત થાય છે.
- કચ્છમાં અતિથીગૃહો, સામાન્ય લોજોથી લઈ પંચતારકો હોટલ'સ પ્રાપ્ત છે. બજેટ પ્રમાણે આયોજન કરી શકાય.

આવતા અંકથી આઠથી નવ દિવસનું ગાંધીધામ - ભુજ - સામખિયળીથી કચ્છ યાત્રાનું વિગતવાર આયોજન આપીશ. જે સાચવી રાખશો તો તમને, તમારા કુટુંબી કે મિત્રોને ઉપયોગી નિવડશે.

પણ આ બધું એક વહેતી વાર્તા સ્વરૂપે ગોઠવી આપ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરીશ, જેથી માહિતી સાથે રસપ્રદ બની રહે. કંઈક રહી જશે એનો ભય અત્યારથી જ સતાવે છે સંભાળી લેશો ને !(વધુ આવતા અંકે)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

# આત્માને પરમાત્મા બનાવવા ઝંકૃત કરતું શ્રી કવિવીરનું યાદગાર યશસ્વી શંખેશ્વરનું ચાતુર્માસ

શંખેશ્વરના ચાતુર્માસની પૂ.શ્રી. કવિન્દ્રસૂરીને ઘણી ખમ્મા, ઘણી ખમ્મા હા... હા... હો... હો... હો...

સદ્‌ભાવનાના અંકુર ફૂટ્યા ભૂજના વર્ધમાન નગરમાં ફળીભૂત થયા ૨૭ના સુવણપાર્શ્વની પ્રતિમાવાળી વિશાળ હાલારી વાડીમાં. દિલેર દાનવીરોના ધોધથી.. વટવૃક્ષ બની ઈતિહાસ સોનેરી સર્જાયો. જામનગરના વોરા પરિવાર તથા સહુ દાતા પરિવારોને ઘણી ખમ્મા!

૨૩મા સાલે, ૨૩મા પાર્શ્વની ભૂમિએ, પૂ. ગુરૂદેવના ૨૩મા વર્ષીતપનો સંગમ રચાયો. પુ. કલ્પતરૂની પ્રભાવશાળી વાણીથી, ઉગ્ર તપશ્ચર્યાનો માહોલ બન્યો સવાયો. ધન્ય ધરાપર સામુહિક ઉત્કૃષ્ટ સંકલ્પ ભક્તિથી સૌનો આત્મા જાગ્યો. વ્યવહારકુશળ પૂ. શ્રી. કલ્પતરૂની ગુરૂભક્તિને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!

ભવ્યાતિભવ્ય અઢાર અભિષેક ૨૭૮ પ્રતિમાઓનો, વીરજન્મોત્સવ આંગી, સ્નાત્ર, સિદ્ધચક્ર, મહામંગલકારી, સર્વે પ્રભુના દર્શન પૂજાથી ભાવિક બનતી ચામર નૃત્યની મસ્તી, શ્રેષ્ઠ કલાકારોની હસ્તી, સૌને મંત્રમુગ્ધ કરતી, સંગીતની સૂરાવલી ચાર ચાંદ લગાવતી નીતીન જાનીની મંડળીને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!

નીત નવા વ્યંજનોવાળી ૫૬ ભોગ ધરાવતી ભોજનની થાળી સ્વાદિષ્ટભરી, ધોબીઘાટની ઢગલાબંધ ઈસ્ત્રી સહિત વ્યવસ્થિત, સુંદર કામગીરી નિર્વિધ્ને વ્યવસ્થિત, સ્વચ્છતાભરી, શાંતિભરી કાર્યપદ્ધતિ. લબ્ધિભરી, સંનિષ્ઠ, વિવેકી મુસ્કાનભર્યા, જાહોજલાલી પ્રદાનકર્તા કાર્યદક્ષ શ્રી કીર્તિભાઈ, હિરેનભાઈ, નરેશભાઈ, ધીરજભાઈ તથા સર્વે કાર્યકરોને ઘણી દીર્ઘદષ્ટિ.

અદ્‌ભૂત મંત્રસિદ્ધ ગુરૂદેવની નિશ્રામાં દિવ્ય પરમાત્માના સાંનિધ્યમાં બાવન દિનમાં ૪૦૦ સાધકોએ ધન્યતા અનુભવી છે. પુણ્યશાળી થવામાં લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી દેવદ્રવ્ય-સાધારણની તિજોરીઓ છલકાવવામાં શ્રેષ્ઠતમ પ્રભાવવાના દાતા મા. મૃદુલાબેન તથા સદૈવ કાર્યશીલ મા. ઝવેરબેન, વનિતાબેન તથા કુંવરબેનને ઘણી ખમ્મા! ઘણી ખમ્મા!

જાગો! અચલગચ્છના સૌ કચ્છી સંઘો જાગો! ઊંચા ગિરિરાજો ભલે ચડો, પણ સૌને ફાવે એવા જ પગથિયા ચડી, શંખેશ્વર દાદાને અદ્‌ભૂત લીલા પ્રદર્શન કરતા દિવ્ય પ્રભુને ભેટો. અત્રે ૯૦૦ વર્ષ બાદ આચાર્યની નિશ્રામાં ચાતુર્માસ કરવા આપણા ગચ્છનો સંઘ શંખેશ્વરની ધન્ય ધરા પર પધાર્યો છે. ઈતિહાસે કરવટ બદલી અનેરો માહોલ ઉજાગર કર્યો છે! અનુમોદના! અનુમોદના! ભૂલ ચૂક મિચ્છામી દુક્કડમ્!

**રચયિતા : શ્રીમતી ખમા ધર્મેન્દ્ર નાગડા**
જખૌ(માટુંગા)-૯૩૨૪૦ ૧૩૬૮૦

# જરૂરિયાતમંદ કદઓ માટે ઘર આપવું છે

પ્ર.સ.ના છેલ્લા બે તંત્રીલેખો, કદઓ હોમ ફાઈનાન્સ ૧-૨ અને માર્ચ મહિનાના અંકના તંત્રીલેખોથી પ્રેરાઈને એક દરિયાદિલ જ્ઞાતિજને પોતાનો ફ્લેટ ૨૪ મહિના માટે જરૂરતમંદ જ્ઞાતિજનને વગર ભાડે આપવા તૈયારી બતાવેલ છે. લાભ લેનારે સોસાયટીનું મેઈંટેનન્સ અને વીજળીનું બિલ ભરવાનું રહેશે તથા દસ્તાવેજનો ખર્ચ ભોગવવાનો રહેશે.

૧ બીએચકે ફ્લેટ આસનગાંવમાં છે. (મધ્યરેલ્વેની કસારા લાઈન) સોસાયટીમાં તરણ હોજ બગીચો વગેરેની સુવિધા છે. સોસાયટીની બસ સવારે અને સાંજે ૪-૪ વખત સ્ટેશનથી સોસાયટી સુધી ફેરા કરે છે.

યોગ્યતા અને બાંહેધરીની ચકાસણી કરીને જ ફ્લેટ આપવામાં આવશે. ફ્લેટ કયા ઈચ્છુકને કઈ શરતોએ આપવો એ ફ્લેટના માલિકનો અધિકાર છે. એજ નિર્ણય કરશે. ઈચ્છુકે સંપૂર્ણ વિગત ઈમેલથી મોકલવી. udaylegal@gmail.com.

**– પ્ર.સ. સમિતી**

## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

# શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ

સંચાલિત

## શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરીયમ
## શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ, જામનગર

શ્રી વહાલા કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનો, તારીખ : ૧૫/૦૯/૨૦૨૩

# સસ્નેહ નિમંત્રણ

આપણે સહુ સાથે મળી હાલાર પ્રદેશ જામનગર સ્થિત સેનેટોરિયમ અને વિદ્યાર્થીગૃહની જગ્યાએ એક સરસ મજાના અદ્યતન '**કદઓ ભવન**' નું નિર્માણ કરવાના છીએ જેમા અતિથીગૃહ, મલ્ટીપર્પઝ હોલ, વિદ્યાર્થીગૃહ તેમજ કન્યાછાત્રાલયનો સમાવેશ કરવામાં આવશે એ બાબતથી તો આપ સૌ વાકેફ જ છો. પરંતુ આ ભવન કેવું હશે, તેમા શુ વ્યવસ્થા હશે એ જાણવાની આપ સહુને ઉત્કંઠા હશે. આ બાબત ની જાણકારી આપવા માટે **દશેરા ના શુભ દિવસે મંગળવાર તારીખ ૨૪-૧૦-૨૦૨૩ ના રોજ સવારે ૯.૦૦ થી ૧.૩૦ કલાકે એક સ્નેહમિલન**નું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમા આપની સમક્ષ નવા મકાનનો પ્લાન અને મોડેલ મૂકવામાં આવશે. આ કાર્યક્રમમાં '**કદઓ ભવન**' ના મુખ્ય નામના દાતા, વિંગના દાતા, વિવિધલક્ષી હોલ ના દાતા અને બીજા લાભાર્થીઓના નામ ચડાવા દ્વારા આપવામાં આવશે. તેમજ આ નિર્માણમાં જ્ઞાતિનો નાનામાં નાનો માણસ પણ લાભ લઇ શકે તે પ્રમાણેનું આયોજન કરેલ છે. જેની જાહેરાત આ કાર્યક્રમમાં કરવામાં આવશે. આજની જરૂરિયાતને ધ્યાનમાં લઇને આ નિર્માણ કાર્ય કરવાનું હોવાથી આપ સહુનો સાથ સહકાર ખૂબ જ જરૂરી છે. અત્યાર સુધી આપણા સમાજે સેનેટોરિયમ તેમજ વિદ્યાર્થીગૃહનો સુંદર લાભ લીધેલ છે અને નવા મકાનનું નિર્માણ થતા આપણે એનો વધારે સારી રીતે ઉપયોગ કરી શકશું, તો ચાલો બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં પધારો અને એક ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનો અને લાભ લેનાર સર્વે દાતાશ્રીઓની અનુમોદના કરો એવી નમ્ર વિનંતી.

## કાર્યક્રમ

### દશેરા અને મંગળવાર તારીખ ૨૪-૧૦-૨૦૨૩

| | |
|---|---|
| સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાકે | રજિસ્ટ્રેશન તેમજ નવકારશી |
| સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે | દીપ પ્રાગટ્ય, નવકાર વંદનાવલી |
| સવારે ૧૦.૩૦ કલાક થી | વિવિધ યોજનાઓની રજુઆત અને ચડાવાઓ |
| બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ કલાકે | સાધર્મિક ભક્તી |

**આ કાર્યક્રમના પોતાની આગવી શૈલીમાં સંચાલન માટે આપણા**
**લોકલાડીલા શાસનરત્ન શ્રી નરેન્દ્રભાઇ રામજી નંદૂ,**
**શ્રી મેઘકુમાર નંદૂ, વાંઢ (ગજપુરી) પધારશે.**

**કાર્યક્રમ સ્થળ : શ્રી મેવાડ કેસરી ભવન**

લખી હાઉસ, ગુરૂદ્વારાની સામે,, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.

**લી. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સહાયક સમિતી ટ્રસ્ટ વતી**
**સર્વે ટ્રસ્ટીશ્રીઓના જય જિનેન્દ્ર**

ખાસ નોંધ : શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ અને માતુશ્રી મોંઘીબાઇ નાગશી દેવાણી કન્યા છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓને આ પ્રસંગે આગળ આવી અને પોતાનાથી બનતો તન મન ધનથી સહયોગ આપે એવી નમ્ર વિનંતી અને અપીલ છે.

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૯-૨૦૨૩

**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**





**આડી ચાવીઓ :**

૧) અહીં ફક્ત દેવો અને વિદ્યાધરો જ જઈ શકે (૩)

૪) આ તીર્થંકર ફક્ત એકલાજ મોક્ષે ગયા (૪)

૬) એક અંધારિયો પક્ષ (૨)

૭) દેરાસરનું એક ઉપકરણ (૩)

૮) ભવોભવ તુમ ચરણોની .... (૨)

૧૦) દેવોનો રાજા (૨)

૧૧) તત્ત્વો કેટલા? (૨)

૧૨) મહાવીર સ્વામીનો પ્રથમ ભવ (૪)

૧૪) પરમાત્મા (૨)

૧૫) પ્રભુનું અને તીર્થનું નામ એક હોય (૩)

૧૬) ધાતી કર્મો કેટલા? (૨)

૧૮) હું છું અવગુણનો ... (૩)

૨૧) શારદા (૪)

૨૨) ઘણીવાર પ્રતિમાનો .... કરાયો હોય ત્યારે તેની પુજા ન થાય (૨)

૨૩) .... ઉતારી રાજા કુમારપાળે (૩)

૨૫) અષ્ટપ્રકારી એક પૂજા (૨)

૨૬) બીજું પાપ સ્થાનક (૪)

૨૭) પૂજા કરતા મોં ઉપર બાંધવાનો રૂમાલ (૪)

**ઊભી ચાવીઓ :**

૧) એક અષ્ટમંગળ (૪)

૨) કવડ યક્ષ શત્રુંજયના .... છે (૩)

૩) પ્રભાવનાની એક ખાવાની ચીજ (૩)

૪) મગરવાડામાં કોનું સ્થાનક છે (૬)

૫) વીસ વિહરમાનમાંના એક (૪)

૮-અ) ગુજરાતનું અજીતનાથનું એક તીર્થ (૨)

૯) .... ભજીએ રે જગત સુહ કરૂં (૪)

૧૩) આ કરવા અક્ષતનો ઉપયોગ થાય (૩)

૧૫) ચૌદમું પાપ સ્થાનક (૨)

૧૬) દેરાસરનું એક ઉપકરણ (૩)

૧૭) 'ચેતન જ્ઞાન અજુ આવીએ' આ કઈ સજ્ઝાયનું પ્રથમ પદ છે (૬)

૧૯) યશોધર એ કઈ ચોવીસીના તીર્થંકર છે (૩)

૨૦) નંદિષેણ મુનીના પતનમાં નિમિત બનનાર ગણિકા (૪)

૨૧) આ સોળ છે (૨)

૨૩) આ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ કરવા ગૌતમ સ્વામી ગયા હતા (૩)

૨૪) પૂજા કરતી વખતે પ્રભુને આનો સ્પર્શ ન થવો જોઈએ (૨)

**ધર્મસંદેશ - ૫.૦૯.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૨) નળદેવ (૫) નાભિ (૭) વાડી (૮) મહા (૯) કરેડા (૧૦) ફણા (૧૧) નય (૧૨) મેણા (૧૩) માનવ (૧૪) દારૂ (૧૫) વરાહ (૧૬) લાલ (૧૭) ખંડ (૧૮) પર્વ (૧૯) કર્મ (૨૦) ડોસલા (૨૨) તપાગચ્છ (૨૪) અભક્ષ્ય (૨૬) વસુમતી (૨૭) પાતાળલોક (૨૯) તરપણી (૩૦) કર. **ઊભી ચાવીઓ :** (૧) તીર્થંકર (૩) દેવાલય (૪) વડી (૫) નાગફણા (૬) મહાવિદેહ (૧૧) નવખંડા (૧૨) મેરૂપર્વત (૧૩) માલકૌસ (૧૫) વસ્ત્રો (૧૯) કચ્છ (૨૦) ડોંબિવલી (૨૧) લોભ (૨૩) પાત્રતા (૨૪) અતીત (૨૫) સાકર (૨૭) પાણી (૨૮) લોક.

રજિસ્ટર નં. - ઇ/૧૨૬/ધુલીયા ॥ શ્રી શાંતીનાથાય નમઃ ॥

# શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી
# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડિંગ) ધુલીયા.

કૉન્વ્હેન્ટ સ્કુલ સામે, **ચાલીસગામ રોડ, ધુલીયા – ૪૨૪ ૦૦૧.** (મહારાષ્ટ્ર)

## જનરલ સભા

તારીખ- ૮/૯/૨૦૨૩

**સુજ્ઞશ્રી,**

જય જિનેંદ્ર,

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જિનેંદ્રસાગર સુરિશ્વરજી શ્રી ક. દ. ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડીંગ) ધુલીયાની **જનરલ સભા (મિટીંગ) રવિવાર, તા. ૮/૧૦/૨૦૨૩ સવારના ૧.૦૦ કલાકે સંસ્થાના મકાનમાં ધુલીયા** મુક્કામે રાખવામાં આવેલ છે. અજેંડાના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવામા આવશે. તો આપશ્રીને મિટીંગમા સમયપર પધારવાં નમ્ર વિનંતી છે. નીચેની ટીપ ખાસ વાંચી લેવા વિનંતી.

## અજેંડા

૧) સંસ્થાની પાછલી તા. ૪/૧૨/૨૦૨૨ થયેલ મિટીંગનું મિનિટબુક વાંચીને કાયમ કરવું.
૨) વર્ષ ૨૦૨૨-૨૩ ના ઑડીટ રિપોર્ટ ને મંજુરી આપવી.
૩) ૨૦૨૪-૨૫ ના અંદાજીત આવક-જાવક (બજેટ) ને મંજુરી આપવી.
૪) સંસ્થાના પાછલા ૨૦ વર્ષનું આર્થિક અહેવાલ સાદર કરવું.
૫) ૩૦/૯/૨૦૨૩ સહા મહિનાનું આવક-જાવક ને મંજુરી આપવી.
૬) સાલ ૨૦૨૩ થી ૨૦૨૮ માટે થયેલ ચુંટણી ના મહાજન કારોબારી સભાસદ ની જાહિરાત કરવા બાબત.
૭) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન અહમદાબાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમસી ભવન વિકાસ યોજના હેટળ સંસ્થાના વિસ્તારિત વિદ્યાર્થી ગૃહ માટે લાભ લેવા વિષયી ચર્ચા વિચારણા કરવી.
૮) પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા. સહાયતા લોન (Higher Education) માટે આવેલ અરજી ઉપર વિચારણા કરવી.
૯) ચાલુ થયેલ વિસ્તારિત સ્કુલ મકાન બાંધકામની માહિતી આપવી.
૧૦) આર્થિક વર્ષ ૨૦૨૩-૨૪ નાં ઉત્પન્ન માથી આયકર કાયદા મુજબ રક્કમ શૈક્ષણિક કારણસર આર્થિક ભાંડવલી ખર્ચ આગામી પાચ વર્ષમાં કરવાંનુ રહેસે મંજુરી આપવી.
૧૧) વર્ષ ૨૦૨૩-૨૪ સ્કુલ વિષયી માહિતી આપવી.
૧૨) વર્ષ ૨૦૨૩-૨૪ નાં થયેલ સાધન સામગ્રી તેમજ માલમત્તા સમારકામ ખર્ચ ને મંજુરી આપવી.
૧૩) આર્થિક વર્ષ ૨૦૨૩-૨૪ સ્કુલ માં આવેલ ફી માથી ૦.૫% રક્કમ બુડીત ફી તરિકે રાખવાંની જોગવાઇ (Provision) કરવામાં આવેલ.
૧૪) અધ્યક્ષ સાહેબનાં મંજૂરીથી આવેલ વિષયો પર વિચારણા કરવી.

લી.

**કેતન ઠાકરસી ગોસર**
માનદ મંત્રી

ટીપ :– ૧) જમવાંની વ્યવસ્થા સર્વ સભાસદ માટે મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે. ૨) આપ ક્યારે આવવાના છો જેની સંસ્થાને જાણ કરશો જેથી સગવડતા કરવા સુગમતા રહે. ૩) જરૂર પધારી સંસ્થાને માર્ગદર્શન આપશો એજ અભિલાષા. ૪) જનરલ સભામાં સભાસદ ને કોઇપણ પ્રસ્ન થતા એની જાણ અને માહિતી સભામાં સવિસ્તર આપવાં માટે આપણો પ્રસ્ન સંસ્થાને ઓછા માં ઓછા પંધર દિવસ પહેલા લિખીત સ્વરૂપમાં જાન કરવાં વિનંતી.

## અનુમોદના

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ગચ્છાધિપતિને વંદન કરવા અને સંવત્સરી પર્વ પુર્ણાહુતી એ ક્ષમાપના કાજે અચલગચ્છના ઈતિહાસમાં પ્રથમ વખત લગભગ સાડા પાંચસો યાત્રિકોની ચૈત્ય પરિપાટીનું ત્રિદિવસીય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સહુ પ્રથમ પાવાગઢ, ત્યાંથી ઓમકાર તિર્થ, ત્યાંથી વડોદરા ગરછાધિપતિને વંદન કરવા, મણિલક્ષ્મી, વટામણ ચોકડી, ચુલી, તથા શાશ્વતા તિર્થ શંખેશ્વર મુકામે ગયા હતા. ત્યાંથી પરત ફરતાં કલિકુંડ પાર્શ્વનાથ અને છેલ્લે રવિવારે રાત્રે સમયસર વડોદરા સ્ટેશન પહોંચ્યા હતા.




લોક શક્તિ તથા એકતા નગર એક્સપ્રેસમાં દરેકની કન્ફર્મ ટીકીટ હતી. જ્યાં એક પછી એક ગાડીઓના લેટ આવાગમનની સતત જાહેરાતો થતી હતી. ઉપરોક્ત બંને ગાડીઓ પણ એકાદ કલાક વ્યતિત થઈ ગયા છતાં નહોતી આવી જેથી દરેક યાત્રાળુઓ રાહ જોઈ કંટાળી ગયા હતા તેવા સમયે લગભગ સાડા અગિયાર વાગ્યે અચાનક એકતા નગર એક્સપ્રેસ ખરાબ વાતાવરણને કારણે ‘આખી ગાડી રદ્દ કરવામાં આવી છે’ ની જાહેરાત થઈ. કાને વિશ્વાસ ના હોય ફરીથી તે જાહેરાત કરાઈ અને સહુ યાત્રિકોના જીવ જાણે તાળવે ચોંટી ગયા. સહુનાં મુખે એક જ સવાલ, આમ સાવ અચાનક આખી ગાડી રદ્દ કરી શકાય? હવે કેવી રીતે મુંબઈ પરત ફરીશું?

ચાર મિનિટમાં ગ્રુપમાં મેસેજ મુકવામાં આવ્યો. દરેક યાત્રાળુઓ એક નંબરના પ્લેટફોર્મ પર આવી જાય. સુચના અનુસાર સહું એક નંબરના પ્લેટફોર્મ પર આવી ગયા. આ પ્લેટફોર્મ ઉપર અગાઉથી લોક શક્તિ એક્સપ્રેસના પ્રવાસીઓ હતાં અને બીજા એકતા નગર એક્સપ્રેસના આપણાં જ્ઞાતિજનોથી હકડેઠઠ ભીડ ઉમટી હતી. ક્યાંય પગ રાખવા માટે પણ જાણે જગ્યા નહોતી.

મહાજન અને ટ્રસ્ટના પદાધિકારીઓ કુમારભાઈ, ચેતનભાઈ, રાજેશભાઈ, પારસભાઈ, વિરેન્દ્ર લોડાયા વગેરેએ સ્ટેશનના સંચાલકો સાથે વિસ્તૃત ચર્ચાઓ કરી ત્યારે માહિતી મળી કે ભરૂચથી આગળ કોઈ ગાડી જઈ શકે તેમ નથી. આ વાતની સહુને ગ્રુપમાં મેસેજ મુકી જાણ કરવામાં આવી તેમજ વૈકલ્પિક વ્યવસ્થા અંગે વાત ચાલુ છે એટલે સહુને સાથ સહકાર આપવા વિનંતી કરવામાં આવી.

લગભગ રાત્રે દોઢ વાગ્યે અમે જે દશ બસોમાં મુસાફરી કરી હતી તે બસોની મુંબઈ જવા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, થોડીક વારમાં ફરી બસો આવી જશે અને બધી એકસાથે બસો મુંબઈ તરફ જવા રવાના થશે તેવી જાહેરાત થતાં જ વ્યથિત ચહેરા પર પુનઃ આનંદની લાગણી ફેલાઇ ગઇ અને લગભગ અઢી વાગ્યે બસો મુંબઈ તરફ જવા ઉપડી.

આવી સરાહનીય અને અનુમોદનીય સેવાઓ સ્વૈચ્છિક જવાબદારી સમજીને હોંશભેર અદા કરવા બદલ સહું પદાધિકારીઓ તથા કાર્યકર ભાઈ બહેનો માટે ઝુકી તો જવાય જ ને..!

**– જ્ઞાનેશ જયચંદ લાપસીયા**
મુલુંડ ચેકનાકા


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792
‘શિવમ’, ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


## ડૉ. આકાશને માર્કેટીંગમાં પીએચડી



નલીયાના કોઈમ્બતુર નિવાસી ડૉ. આકાશ મયુર અનિલ હીરાચંદ શાહ (નાગડા-ધૂમ)ને તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની મોનેશ યુનિવર્સિટીનીં માર્કેટીંગ વિષયક પીએચડીની ડીગ્રી એનાયત કરવામાં આવી છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ભાંડુપ કદઓ સંઘ

અચલગચ્છાધિપતિ શ્રી ના આજ્ઞાનુવર્તી મુનિરાજ શ્રી આગમોદયસાગરજી મ.સા. અને મુનિરાજ શ્રી મહોત્સવરક્ષિત સાગરજી મ.સા.ના ચાતુર્માસમાં મુલુંડ ઈસ્ટથી પધારેલ સાધ્વી શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. અને સાધ્વી શ્રી ડો. દેવરક્ષિતાશ્રી મ.સા.ની પાવન નિશ્રામાં પર્વ આરાધના રૂડી રીતે સંપન થઈ. સ્વપ્નાનું કુલ ધૃત-૪૫૨૦૦૦ મણ થયેલ. શ્રી.ક.દ.ઓ. ઉપાશ્રય અમદાવાદ માટે રૂા.૬૬૦૦૦૦નો ફાળો એકત્ર થયેલ.

### શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે.મૂ.પૂ. જૈન સંઘ

પારોલા તીર્થમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પારોલાતીર્થોદ્ધારીકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશરત્ના પ.પૂ.જયદશિતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ના નિશ્રામાં ચાતુર્માસમાં બહારગામથી પધારેલ આરાધક ભાઈ-બહેનોની સારી સંખ્યા હતી. પંચાવન દિવસ દરમ્યાન શ્રી અષ્ટપદ તીર્થની ૯૯ યાત્રા થઈ, દર રવિવારે અનુષ્ઠાનો થયા. પર્યુષણ મહાપર્વમાં આરાધક ભાઈ-બહેનોએ સાતાપૂર્વક તપસ્યા કરેલ. માસખમણઃ શ્રીમતી ડીમ્પલબેન ચેતનભાઈ મોમાયા-ઈંદોર. અઠ્ઠાઈઓઃ શા. યોગેન્દ્રભાઈ ભવાનજી ગોસર-બારોઈ(જલગામ), શા ચંદ્રેશભાઈ મુરજી નાગડા-જલગામ, શા. પ્રણયભાઈ ઝવેરચંદ ખોના - સાંધવ(ગાંધીધામ), અ.સૌ. માનસીબેન પ્રણવભાઈ ખોના-સાંધવ (ગાંધીધામ), માતુશ્રી વિજયાબાઈ દિલીપ નાગડા-ગદગ, શા. પ્રજ્ઞેશભાઈ હીરાચંદ નાગડા-નલીયા (ડોંબિવલી), સૌ. શીતલબેન પ્રજ્ઞેશભાઈ નાગડા-નલીયા (ડોંબિવલી).

### શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ-કોઈમ્બતુર

કોઈમ્બતુર સંઘમાં પર્યુષણ મહાપર્વ ખૂબ હર્ષોલ્લાસથી ઉજવાયા. ઉજવણી માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના સુશ્રાવક શ્રી ચિરાગભાઈ છેડા, શ્રી મયંકભાઈ પાસડ અને શ્રી દેવમ ગાલા હૈદ્રાબાદથી પધારેલ.

પર્યુષણ દરમ્યાન ત્રણ દિવસ બપોરની મોટી પૂજા અને દરરોજ સવારના સ્નાત્રપૂજા, ભક્તામર, વ્યાખ્યાન, પ્રતિક્રમણ તથા રાત્રે પ્રભુ ભક્તિ અને વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો કરાવવામાં આવેલ. પ્રભુ જન્મ વાંચનની ઉજવણી, ચૌદ સ્વાન ઝુલાવી અને પધરાવીને કરવામાં આવેલ. તેમજ સ્વપ્નનું ધૃતમણ કુલ ૪,૦૬,૬૫૬ થયેલ. કલ્પસુત્રનો વરઘોડો તથા પ્રભુજીના પારણાંનો વરઘોડો તથા જાગરણ પણ યોજાયેલ.

### જર્જરિત મકાન પડી જતા કદઓ દંપતિમાંથી પતિનું મોત

ડોંબિવલી ઈસ્ટના આયરે ગામમાં આવેલું ૩ માળનું આદિનારાયણ બિલ્ડીંગ તૂટી પડ્યું હતું. ઈમારત જર્જરિત થઈ ગઈ હોવાથી કલ્યાણ ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)એ એના રહેવાસીઓને ગુરૂવારે જ મકાન ખાલી કરી બીજે રહેવા જવા નોટીસ આપી હતી અને શુક્રવારે મકાન તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનામાં ૫૫ વર્ષના સુનીલ લોડાયાનું મૃત્યુ થયું હતું, જ્યારે તેમના ૫૪ વર્ષનાં પત્ની દિપ્તી લોડાયાને ગંભીર હાલતમાં મમતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

### સખીવૃંદ-પુના



દ્વિતીય મીટીંગ તા. ૨૬ ઓગસ્ટના આજના આધુનિક જીવનમાં સૌથી ઉપયોગી જેવા નવીન વિષય પર યોજાઈ હતી. હિનાબેન રતાણીએ એ માટે ફાલ્ગુનીબેન છેડાને આમંત્રિત કર્યા હતા. એજીએમ તથા જૂન મહિનાનો અહેવાલ ચાંદનીબેન લોડાયાએ આપ્યો.

ફાલ્ગુનીબેને મિલેટસ્ વિષયની વિસ્તૃત જાણકારી આપી. તથા જણાવ્યું કે મિલેટસ્‌ના વપરાશ સાથે ઘીનું પ્રમાણ વધુ રાખવું ખૂબજ જરૂરી છે. એક સાથે બધા મિલેટસ્

**જોઈએ છે**

શ્રી પારોલાતીર્થ માટે પુજારી જોઈએ છે. અનુભવ સાથે સ્વાક્ષરે અરજી કરવી. જ્ઞાતિભાઈની પહેલી પસંદ. રહેવાની વ્યવસ્થા મળશે. સરનામુંઃ શ્રી પારોલા ક.દ.ઓ. જૈન સંઘ, રથગલ્લી, પારોલા-૪૨૫૧૧૧. જિ. જલગામ. **સંપર્કઃ હરીશભાઈ લોડાયા-મો.: ૮૬૬૮૯૭૬૬૫૬.**

કે ત્રણથી વધુ મિલેટસ્ લેવા લાભદાયક નથી. તેમણે બધી સખીઓ સમક્ષ એક ક્વિઝ રજૂ કર્યું. અંતમાં વૈશાલી મહેશ્વરી એ હિનાબેન અને ફાલ્ગુનીબેનનો આભાર વ્યક્ત કર્યો.

**તેરા તીર્થ**

તેરા તીર્થે ચાતુર્માસમાં બિરાજમાન પરમ પૂજ્ય સાધ્વી શ્રી આનંદ કિરણા શ્રીજી મહારાજ સાહેબ નું ૧૫-૯-૨૩ રોજ ૭૧ મી આયબિલની ઓળીનું પારણું શ્રી સંઘ દ્વારા કરાવવામાં આવેલ. આ પ્રસંગે શ્રી સંઘના ભાઈ બહેનો તેમજ અરૂણાબેન ગાંધીધામથી પધારેલ.

**શ્રી પારોલાતીર્થમાં જ્ઞાનદેવી મા સરસ્વતી પૂજન**

તા. ૧૭.૯.૨૦૨૩ પારોલાતીર્થોદ્ધારીકા પરમપૂજ્ય જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશરત્ના જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં જ્ઞાનદેવી મા સરસ્વતીનું પૂજન કરવામાં આવેલ.

આસો માસમાં આયંબીલ નવપદ ઓળીનું આયોજન શ્રી પારોલા તીર્થમાં કરવામાં આવેલ છે. વહેલો તે પહેલા ધોરણે નામ નોંધાવવા વિનંતી.

સંપર્ક : હરીષભાઈ લોડાયા-૮૬૬૮૯૭૬૬૫૬, દિનેશભાઈ લોડાયા-૯૮૨૩૦૭૮૩૫૫.

**આદિત્ય બિરલા સહિત વિવિધ સ્કોલરશીપ**

